ગાંધીનગર સમાચાર

**જન્મદિને વધામણી**



**ચંદ્રાબા જે ચુડાસમા**
સહમંત્રી, શ્રી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ

# આવતીકાલે શહેરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

છેલ્લાં બે વર્ષથી દર માસના પ્રથમ રવિવારે યોજાતી પુસ્તક પરબ રવિવાર, તા. ૩ જાન્યુઆરીના રોજ નિયત સ્થળ, સમયે યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાન-પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા વાચનની ટેવ કેળવાય તેવો શુભ આશય પણ આ પ્રવૃત્તિ પાછળ રહેલો છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સૌ વાચનરસિકોને આ પ્રવૃત્તિના કર્તા કિશોરભાઈ જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞાબેન પટેલ, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, ધુર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશભાઈ શ્રીમાળી, દિશાન્ત ગર્ગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉદ્યોગ ભવન પાસે ઘ-૪ સર્કલ ખાતે રવિવારે સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન પુસ્તક પરબ યોજવામાં આવશે એમ આ અંગેની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સૅક્ટર-૧૨ સરકારી માધ્યમિક શાળાનું ૯૪.૪૪ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૩૧

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સૅકટર-૧૨નું વિજ્ઞાનપ્રવાહ સૅમેસ્ટર-૧નું પરિણામ ૯૪.૪૪ ટકા આવ્યું છે. પરિક્ષામાં ૩૬ માંથી ૩૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારનું સંચાલન છેલ્લા કેટલાક સમયથી કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો સોંપવામાં આવ્યું છે. મંડળ દ્વારા શાળાની શિક્ષણ ગુણવત્તા સુધારવા માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને શિક્ષણની શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવતા ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૪.૪૪ ટકા જેટલું ઉંચું આવ્યું છે. ઉજ્જવળ પરિણામ બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી તથા કો-ઓર્ડીનેટર કૌશલ્યાબેન તથા શાળાના આચાર્ય શ્રી આર.કે. ત્રિવદીએ શાળાના તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. શાળાનું ધો-૧૨નું સેમીસ્ટર-૩નું પરિણામ પણ ૯૦.૯૦ ટકા આવ્યું છે.

## ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં ગાંધીનગરનું નાટક પહેલી વાર ભજવાશે

# ગાંધીનગરનું નાટક રવિવારે મુંબઈમાં ભજવાશે







## કુમકુમ કલા ગૃપના બૅનર તળે ઝવેરચંદ મેઘાણીની કથાના આધારે ચં. ચી. મહેતા લિખિત અને પાલા ગઢવી દિગ્દર્શિત નાટક 'શેતલને કાંઠે' મુંબઈમાં ગાંધીનગરની સુવાસ ફેલાવશે

ગાંધીનગર, તા.૧

વર્ષ ૨૦૧૬ના આરંભ સાથે જ ગાંધીનગરના કલાક્ષેત્રમાં સારા સમાચારો આવવાની શરૂઆત થઈ ગઈ છે. ગાંધીનગરનું એક નાટક મુંબઈની ખ્યાત ચિત્રલેખા સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં રવિવારે ભજવાઈ રહ્યું છે. ચિત્રલેખાની ફાઈનલ નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરનું નાટક ભજવાતું હોય એવી આ પહેલી ઘટના છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં યોજાયેલાં આ સ્પર્ધાનાં ત્રણ પ્રાથમિક રાઉન્ડ પૈકી રાજકોટ ખાતે બીજા રાઉન્ડમાં તા. ૧૫ ડિસેમ્બરના રોજ આ નાટકની ભજવણી કરવામાં આવી હતી.

કુમકુમ કલા ગૃપના બૅનર તળે ઝવેરચંદ મેઘાણીની કથાના આધારે ચં. ચી. મહેતા લિખિત અને પાલા ગઢવી દિગ્દર્શિત નાટક 'શેતલને કાંઠે'માં જૈની વસાવડા, નીરવ વૈદ્ય, નીરાલી જોષી, મોના રાવલ, ધવલ ઠક્કર, શ્રુતિ ત્રિવેદી, જુહી પરમાર, હર્ષ ઠક્કર, પાલા ગઢવી, મયુર અમીન, રાજન નિનામા, સુરેન્દ્રસિંહ પરમાર, ધ્વનિ ત્રિવેદી, પ્રફુલ્લાબેન ખંધડિયા, કીર્તિબેન જોષી, અલ્પાબેન ત્રિવેદી અભિનય આપી રહ્યાં છે. શનિવારે આ નાટકનાં કલાકારો મુંબઈ જવા રવાના થઈ રહ્યાં છે ત્યારે નગરની કલાપ્રેમી સંસ્થાઓ, વ્યક્તિઓ તરફથી તેમને અનેકાનેક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગરીબોને વસ્ત્રોનું વિતરણ



ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટના વિદ્યાર્થીઓએ પોતાની સામાજિક જવાબદારી અદા કરવાની પ્રવૃત્તિના ભાગરૂપે ગરીબોને હૂંફનું વિતરણ કર્યું હતું.

વર્ષ ૨૦૧૫ના અંતિમ દિવસે સવારના સમયે સૅ. ૨૯ તથા ઘ પાંચ સર્કલથી મધુર ડેરી જવાના રસ્તા ઉપર વસતા ગરીબ પરિવારો સુધી આ વિદ્યાર્થીઓ પહોંચ્યા હતા અને તેમને વસ્ત્રોની ભેટ ધરી હતી.

આ સેવાકાર્ય માટે વિદ્યાર્થીઓએ કૉલેજમાં ટહેલ નાખી હતી અને એના પરિણામરૂપે તેઓ આ સેવા કાર્ય કરી શક્યા હતા.

સમગ્ર કાર્યક્રમ ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

ઍનઍસઍસ સૅક્રેટરી અંજલી પટેલ, નિર્મલ ચૌધરી, ધરતી ધોળુ, જયવીરસિંહ વાઘેલા, વિકાસ રાજગોર, મીત સોની, સાહિલ પટેલ, પંકજ જાદવ, ચાંદની ગોઠી, હેપ્પી પટેલ, યોગરાજ ચાવડા, કાજલ વૈષ્ણવ, ધારા પટેલ, મોના પટેલ, હર્ષિલ પટેલ અને પૂજા પટેલે આ ઉમદા કાર્ય માટે જહેમત ઊઠાવી હતી અને 'આપવાનો આનંદ' પ્રાપ્ત કર્યો હતો.

# સાહિત્ય પરિષદમાં કનૈયાલાલ મુનશીનો જન્મદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

ગુજરાતની અસ્મિતાના ઉદગાતા કનૈયાલાલ માણેકલાલ મુનશીના ૧૨૯મા જન્મદિને ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કાર્યક્રમનું આયોજન થયું હતું.

ઓમ કોમ્યુનિકેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજેન્દ્ર પટેલે મુનશીની આત્મકથા વિશે વાત કરતાં જણાવ્યું કે, 'મુનશીની આત્મકથાઓના ત્રણે ભાગમાં તેમના બહુ પરિમાણીય વ્યક્તિત્વ, પ્રચંડ પ્રતિભા અને સૌદર્યલક્ષીતાનો અનુભવ થાય છે. મુનશીની આત્મકથાઓ આત્મવૃતાંત નહિ, સર્જનાત્મક સાહિત્યિક રચનાના ઉદાહરણ છે. તેમાંથી તેમના વ્યક્તિત્વના આકરા, ધુની, પ્રબળ બૌદ્ધિક ઝીણા સાથે કાયદાકીય ચર્ચાઓ કરે એવા મુનશી ઘરમાં હોય ત્યારે શું કરતા ? વળી લીલાબેન સાથેના પ્રેમના સંદર્ભે બીજા જ મુનશી જોવા મળે.'

નવલકથાકાર, નાટયકાર, વાર્તાકાર, ચરિત્રકાર અને નિબંધકાર ક.મા.મુનશીના સાહિત્યદર્શન વિશે વાત કરતાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ જણાવ્યું કે, 'મુનશીને યાદ કરીએ એટલે સાહિત્યના ઈતિહાસ વિશે વાત કરતાં હોય એવું લાગે.

ભારતની દષ્ટિએ ભારતનો ઈતિહાસ લખાય એવું એમનું આયોજન હતું. તેઓ સંસ્થાઓનું સર્જન કરી, અંગત આવકમાંથી તેનો નિર્વાહ પણ કરતાં. મુનશી લેખક તરીકે બહુ વંચાતા અને વકીલ તરીકે પણ તેમનો બહુ પ્રભાવ હતો. એટલે એ ઘણી રચનાઓ કરી શક્યા.'

આ પ્રસંગે ભારતીય વિદ્યાભવન, મુંબઈનું પ્રતિનિધિત્વ કરી રહેલાં દીપક દોશીએ મુનશીની અક્ષરસેવાનો પરિચય, તેમજ ક.મા.મુનશીના સમકાલીન એવા કુલીનચંદ્ર યાજ્ઞિકે 'મારી નજરે: ક.મા. મુનશી' વિષય પર વાત કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સાહિત્યરસિકો હાજર રહ્યા હતાં.

# છગનભા વિજયપદ્મ મહોત્સવમાં આર સી પટેલ શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સ્થાપક પૂજ્ય છગનભાના જન્મ દિવસને યાદગાર બનાવવા યોજાતા પૂજ્ય છગનભા વિજયપદ્મ મહોત્સવમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ના વિદ્યાર્થીઓએ ઉજ્જવળ દેખાવ કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો છે.

આ મહોત્સવ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ કડી, વડનગર અને ગાંધીનગરમાં સ્થિત શાળાઓ વચ્ચે યોજવામાં આવી હતી. જેમાં આર સી પટેલ સ્કૂલના શિક્ષક સંજય ત્રિવેદી, વિરાજબેન અને શીતલબેનના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી ઈનામો હાંસલ કર્યાં હતાં.

ગોળાફેંકમાં પારૂલ પટેલે પ્રથમ, રાઈફલ શૂટીંગમાં ઝીલ પટેલે પ્રથમ, વક્તૃત્ત્વ સ્પર્ધામાં સ્નેહલ મહારાજાએ પ્રથમ, સ્કેટીંગમાં જીગર ઠાકરે પ્રથમ, નિબંધ સ્પર્ધામાં જ્હાન્વી ચાવડાએ પ્રથમ, ગોળા ફેંકમાં ખુશાલી પટેલે બીજો, બેડમિંટનમાં રોહિત શર્માએ બીજો તથા સ્કેટીંગમાં સચિન પટેલ, બેડમિંટનમાં નિશી મલાની, ઝીલ ભોજક અને ટેબલ ટેનિસની સ્પર્ધામાં ગુંજન શર્માએ ત્રીજા ક્રમે વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું.

વિદ્યાર્થીઓને તેમની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નૂતન વર્ષની શરૂઆતની હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે થયેલ ઉજવણી





## પરિવારો, મિત્રો, ભક્તો અને આશ્રયદાતા વિગેરે મળીને આશરે એક હજાર જેટલા લોકો વર્ષ ૨૦૧૬ની શરૂઆત એક અનોખી રીતે કરવાના ધ્યેય સાથે સૌ ઉજવણીમાં હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૧

દરેક માણસની ઈચ્છા હોય છે કે નૂતનવર્ષ શરૂ થતા દિવસ પહેલાની સાંજ તેમના માટે યાદગાર રહે. આ માટે થતી દરેક પાટીઓમાં ચોકક્સથી લોકોનેકાંતો ભોજન, સંગીત, ડાન્સ, રમતો, હસીમજાક કેફકત આનંદ જ મળતો હોય છે ત્યારે હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે નૂતનવર્ષની ઉજવણી એક નવારૂપમાં જોવા મળી. લોકોએ કંઈક એવો અનુભવકર્યો કે જે અલગ જ હતો. જેમ જેમ નવા વર્ષની પળો નજીક આવી રહી હતીતેમતેમ ચૌતરફનું વાતાવરણ ભગવાન શ્રી શ્રી રાધામાધવના નાદ સાથે ગુંજી રહ્યુ હતું. મંદિરનો વિશાળ હોલ સ્ટેજના શણગાર અને જબરદસ્ત લાઈટીંગ થી જગમગી ઉઠતા મંદિરનુ વાતાવરણ આત્મીયમય બન્યું હતું. નૂતન વર્ષને આવકારવા યોજાયેલ કાર્યક્રમની શરૂઆત ધાર્મિક વિષય વસ્તુને આવરી લેતી રમત-ગમત અને સૌભક્તો માટે વ્યવસ્થા કરેલ પ્રસાદ સાથે થઈ હતી. પરિવારો, મિત્રો, ભક્તો અને આશ્રયદાતા વિગેરે મળીને આશરે એક હજાર જેટલા લોકોએ વર્ષ ૨૦૧૬ની શરૂઆત એક અનોખી રીતે કરવાના ધ્યેય સાથે સૌ ઉજવણીમાં હાજર રહ્યા હતા. લોકોના સમુહએ વિવિધ રમતો, મ્યુઝીકલ ચેર વિગેરે કાર્યક્રમ શરૂ થતાની સાથે તેને ખૂજ જ આતુરતાથી નિહાળ્યુ હતુ. તેમજ વિવિધ રમતના વિજેતાઓને ઈનામનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ.સૌને ભક્તો દ્વારા નિરૂપાયેલવિવિધ કાર્યક્રમો શાંતિથી જોવા અને માણવાનો લહાવો મળ્યો હતો. જેમાં વૈદિક પ્રશ્નોત્તારી સ્પર્ધા "કોણ બનશે સર્વોચ્ચ કૃષ્ણભક્ત" સૌથી વધુ રસપ્રસદરહી હતી જેમાં ભાગ લેનાર સ્પધીઓમાંથી ૧૦ જેટલા પ્રતિસ્પધીઓ નિયક્ત કરવામાં આવ્યા જેમાંથી અંતમાં એક પ્રતિસ્પધીને હોટ સીટમાં બેસવાનો અવસર મળ્યો હતો અને વિજેતા બન્યો હતો. આ ઉપરાંત વૈષ્ણવી સંઘ -જે મંદિર સાથે સંકળાયેલ નારીઓનું એક આધ્યાત્મિક સમુદાય છે- તેઓ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર ધાર્મિક સંદેશો આપતુ નૃત્યનાટક ભજવવામાં આવ્યું હતું.ઘડિયાળના કાંટા જેમજેમ મધ્યરાત્રિની પળ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારેમંદિરના યુવા ગ્રુપના સભ્યો દ્વારા હરેકૃષ્ણ મહામંત્રની ધૂનની તાલ અને લય સાથેસૌગુંજી અને ઝૂમી રહ્યા હતા. મધ્યરાત્રિએ આકાશમાં રંગબેરંગી ફટાકડાઓની વર્ષા થતાંની સાથે સૌભક્તોના હદય આનંદ, ઉલ્લાસ, ઉમંગ અને હરેકૃષ્ણ-મંત્ર કિર્તનના ઉષ્માભર્યા અનુભવ સાથે હર્ષાતિરેક થઈ ગયા હતા. આમ ભગવાન શ્રી શ્રી રાધામાધવના આશીર્વાદ સાથે સૌભક્તો માટે નૂતનવર્ષની શુભ શરૂઆત થઈ હતી.

# સ્મશાનમાંથી કોઈએ પોતાનું ગીત લૉન્ચ કર્યું હોય એવી પહેલી ઘટના

## નગરના યુવા કલાકારોનો પ્રશસ્ત કરતબ : નૂતન વર્ષની ઉજવણી સ્મશાનમાં અને ઈશ્વરના નામ સાથે સાદગીથી કરી

૩૧ ડિસેમ્બરની મધરાતે યૌવન જ્યારે નવા વર્ષને વધાવવાની ઉત્તેજનામાં મત્ત બન્યું હતું ત્યારે ગાંધીનગરના મૂઠ્ઠીભર યુવક-યુવતિઓ સ્મશાનમાં બેસીને એક સુંદર ગીતની મજા માણી રહ્યા હતા ! પ્રસંગ હતો સાગર દેસાઈ નામના યુવકના નવા ગીતના લૉન્ચીંગનો, જે માટે સ્થળ તરીકે ગાંધીનગર અંતિમ ધામને પસંદ કરવામાં આવ્યું હતું.




૨૦૧૫ની પૂર્ણતા સાથે ૧૫ વર્ષ પૂર્ણ કરનાર અને કલાકારોની બનેલી સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના નીવડેલા કલાકાર, વાવોલ ગામના રહેવાસી અને સૅક્ટર-૧૧માં કાર્યરત હૉટલ પ્રૅસીડેન્ટના મૅનેજર એવા તરવરિયા યુવાન સાગર દેસાઈમાં ગાયકી ઉપરાંત અભિનયની કુશળતા પણ ભરેલી છે. ઉલ્લેખનીય છે કે સ્વામી વિવેકાનંદના જન્મવર્ષની સુવર્ણ જયંતિ નિમિત્તે કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત બહુપ્રશસ્ત નાટક 'સ્વામી વિવેકાનંદ'માં ગીતો સાગર દેસાઈના સ્વરમાં રૅકોર્ડ કરવામાં આવ્યાં હતાં. નાટકની જેમ આ ગીતો પણ ખૂબ વખણાયાં હતાં અને હજુ એ ગીતો આ નાટક જોનારા દર્શકોનાં મનમાં રમે છે. સાગરે આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં એ ઉલ્લેખ પણ અહીં કરવો ઘટે. આવા પ્રતિભાશાળી યુવાને નવા વર્ષને આવકારવા માટેની ઉજવણી ટાણે તેમણે પોતાની એક ઓર કુશળતા પ્રગટ કરી અને તે હતી લખવાની. જે ગીત તેમણે લૉન્ચ કર્યું તે તેમણે પોતે જ લખેલું હતું.

આખોય ઉપક્રમ બહુ શાંતિપૂર્વક ઉજવાયો ને એવી જ શાંતિપૂર્વક, સરળતાપૂર્વક શરૂ પણ થયો હતો. સાગર અને સાથી યુવક-યુવતિઓ રાત પડતાં અંતિમ ધામ ખાતે પહોંચ્યા હતા. અહીં બનાવવામાં આવેલા શિવમંદિર પર તેમણે અગાઉથી જ પસંદગી ઉતારી લીધી હતી એટલે એ સ્થાને ગીત વગાડવા માટે નાનકડા સ્પીકરની વ્યવસ્થા ઊભી કરી દીધી. પછી અંતિમ ધામમાં રાખવામાં આવેલા ત્રણ શ્વાન સાથે મિત્રો મન ભરીને રમ્યા.



તસવીર : કમલેશ શાહ

જુનિયર સિટીઝન કાઉન્સીલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ધાધલ, જી ઈ ક્લબના પ્રમુખ કુંતલ નિમાવત અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના સંચાલક કશ્યપ નિમાવત પોતાના પરિવાર સાથે અંતિમ ધામ પહોંચ્યા એટલે કાર્યક્રમનો આરંભ થયો. પહેલાં સૌએ સાથે મળીને હનુમાન ચાલીસાના પાઠ કર્યા. એ પછી કુંતલ નિમાવત દ્વારા વિતેલાં વર્ષો દરમ્યાન જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરીનો પરિચય આપવામાં આવ્યો, જેમાં બે હજાર ઉપરાંત કલાકારોને ડાન્સ, અભિનય, કરાટે, રાસ-ગરબાની તાલીમ ઉપરાંત ૮૦૦થી વધુ થનગનતા કલાકારોને પ્રથમ વખત સ્ટેજ આપવાની સિદ્ધિ ધ્યાનાકર્ષક હતી. 'કલાએ મને જિંદગી આપી છે, ઓળખ આપી છે અને પ્રસિદ્ધિ પણ આપી છે એટલું જ નહીં, કલાએ મને એક આખો પરિવાર પણ આપ્યો છે' એ મતલબનું એમનું પ્રવચન ભાવવાહી હતું, જે યુવાઓને લાગણીના પ્રવાહમાં ખેંચી ગયું. એમણે આગામી વર્ષનાં આયોજનોનો ચિતાર પણ આપ્યો. એ પછી જીલુભા ધાધલે




સંસ્થાની સેવા પ્રવૃત્તિઓની વિગતો આપી ને યુવા વર્ગને આવી પ્રવૃત્તિઓમાં જોડાવાની અપીલ કરતાં જણાવ્યું કે સેવા પ્રવૃત્તિથી જે નિજાનંદ મળે છે તે અનેરો છે. પોતાની વાતને આધ્યાત્મિક સ્પર્શ આપતાં એમણે જણાવ્યું હતું કે 'અપેક્ષાથી ઈશ્વર નથી મળતા. ઈશ્વર મળે છે સાદગીથી, સરળતાથી. દુનિયાનો ઈતિહાસ તપાસી લો. ઈશ્વર ક્યારેય કોઈ માલેતૂજારને નથી મળ્યા. પરંતુ, નરસિંહ, મીરાં કે કબીર જેવા સાદા, સરળ વ્યક્તિઓને જ મળ્યા છે.'

જેવા રાત્રિના બાર વાગી ચૂક્યા ને ૧-૧-૨૦૧૬નું આગમન થયું કે તરત જ કુંતલ નિમાવત અને જીલુભા ધાધલના હસ્તે સાગર દેસાઈનું નવું ગીત 'ઓ રે પિયા...' લૉન્ચ કરવામાં આવ્યું. સૌએ શાંતિપૂર્વક એ ગીત સાંભળ્યું ને સર્જકોને સરાહ્યા. એકવાર સાંભળતાં જ મોઢે ચડી જાય એવું આ સુંદર ગીત સાગર દેસાઈએ જ લખ્યું અને ગાયું છે. એને સંગીત આપ્યું છે ગાંધીનગરના જ યુવા કલાકાર ને 'શાંતમ રૅકોર્ડ ઈન' નામે રૅકોર્ડીંગ સ્ટુડિયો ધરાવતા ઋષિકેશ મહેતા અને કિશોર ઠાકોરે તથા કંપોઝીશન અભિનવ પરમાર દ્વારા કરવામાં આવ્યું છે.

આ ઉજવણી સાદગીથી કરવાનું સૌએ નિયત કર્યું હતું, તેથી અગાઉથી લાવીને શિવના ચરણે ધરવામાં આવેલા ગોળ-ધાણા સાગરે સૌને ખવડાવ્યા અને નવા વર્ષની શુભેચ્છાઓ પરસ્પર પાઠવતાં સૌએ મોં મીઠું કર્યું.

દેશ અને દુનિયાનું યુવાધન જ્યારે નવા વર્ષની ઉજવણીમાં છાકટું બન્યું છે એ વેળાએ અંતિમ ધામમાં, ભગવાનના મંદિરમાં આવી વિશિષ્ટ ઉજવણીમાં સામેલ થવા બદલ સૌ યુવક-યુવતિઓને કશ્યપ નિમાવતે સરાહ્યા અને જીવનમાં આ જ દિશામાં પ્રગતિ કરવા માટે શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું કે આ વિશિષ્ટ ઉજવણીનો આઈડિયા પણ મૂળે સાગર દેસાઈનો જ હતો. પોતાનું ગીત અંતિમ ધામથી જ લૉન્ચ થાય એવી ઈચ્છા પોતાને અંતિમ ધામનો સુંદર નઝારો જોઈને થયેલી, જે પૂર્ણ થઈ એ બદલ તેમણે જી ઈ ક્લબ-જુનિયર સિટીઝન કાઉન્સીલ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી. ઋષિકેશ મહેતાએ પોતાનાં આગામી આયોજનોની વિગતો આપી.

'સ્મશાનમાં સંગીતના કાર્યક્રમો થયાનું તો સાંભળ્યું છે, પરંતુ સ્મશાનમાંથી કોઈએ પોતાનું ગીત લૉન્ચ કર્યું હોય એવી આ પહેલી ઘટના છે' એવું જણાવી કુંતલ નિમાવતે સૌ કલાકારો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી, સૌએ સાથે મળીને શિવની આરતી કરી ને પ્રેમથી વિખૂટા પડ્યા. સમગ્ર કાર્યક્રમનું ભાવવાહી સંચાલન દીપલ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સાવ સાદગીપૂર્ણ રીતે પરંતુ અંતિમ ધામના અદ્ભૂત નઝારામાં યોજાયેલો આ કાર્યક્રમ ચિરસ્મરણીય બની રહ્યો. પહેલી જ વાર અંતિમ ધામમાં આવેલી બે યુવતિઓએ 'સ્મશાન'થી પોતાનો ડર દૂર થઈ ગયો હોવાનું જણાવી હવે પોતે ફરી અહીં આવશે અને આવા કાર્યક્રમોનું આયોજન કરશે એવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો.

**એક ઔર વાહ !**

ગીતનું લૉન્ચીંગ વિશિષ્ટ રીતે કરવા સાથે નવા વર્ષને સાદગીથી આવકારનારા આ કાર્યક્રમથી તો જી ઈ ક્લબ-જુસિકાએ યુવા વર્ગને સદ્માર્ગનો સંદેશ આપ્યો જ. પરંતુ જે ઉપક્રમ માટે આ કાર્યક્રમ યોજાયો તે ગીતના શબ્દો પણ યુવાઓ માટે એટલા જ સૂચક હતા : 'ઓ રે પિયા, યે ક્યા કિયા ? પ્યાર ક્યૂં કિયા ?'